# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

વઢવાણનો ઉતારો,કસ્તુરબા માર્ગ, રાજકોટ

ફોન નં: 0281-2223453 ઇમેલ એડ્રેસ:- rajkotdeo@gmail.com


By-Email

રેફ.નં:એફ.આર.સી.૨૦૨૦-૨૧/૩૨૩ તા.03/06/2020

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી

તમામ માધ્યમિક તેમજ ઉ.મા. શાળા (સ્વનિર્ભર) અને

ઉપલેટા, જેતપુર તેમજ રાજકોટ શહેરની તમામ (સ્વનિર્ભર) )પ્રાથમિક શાળાઓ,

રાજકોટ જિલ્લો.

વિષય: એફ.આર.સી અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે વર્ષ ૨૦૧૯-૨૦ ની ફી ચાલુ રાખવા બાબત

સંદર્ભ: (૧) ફી નિયમન સમિતિ રાજકોટ ઝોનના જા.ન.૪૦૭/૧/૨૦૨૦ તા. ૩૦-૦૫-૨૦૨૦

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એફ.આર.સી./૨૦૧૯-૨૦ તા. ૨૯૧ તા. ૦૬-૦૩-૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૦-૨૧ માટે તમામ સ્વનિર્ભર શાળાઓએ નિયમાનુસાર દર વર્ષે એફીડેવીટ કરાવવુ ફરજીયાત છે અને આ માટે તા. ૦૬-૦૩-૨૦૨૦ ના રોજ તમામ સ્વનિર્ભર શાળાઓને એફીડેવીટ કરવા માટેની સૂચનાઓની જાણ આપશ્રીને ઇ-મેલ મારફત કરેલ હતી. સંદર્ભ દર્શિત પત્ર (૧) અનુસાર તમામ એફીડેવીટ કરતી શાળાઓએ વર્ષ ૨૦૧૯-૨૦ માં મંજૂર કરાવેલ ફી વર્ષ ૨૦૨૦-૨૧ માં ચાલુ રાખવા માંગે છે કે કેમ ? તે બાબત ની સ્પષ્ટતા શાળાના લેટર પેડ પર લખી આપવાની રહેશે. વધુમાં સંદર્ભ દર્શિત પત્ર (૨) મુજબની તમામ સૂચનાઓ યથાવત રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
અને ચીફ કો-ઓર્ડીનેટર
એફ.આર.સી.-રાજકોટઝોન
રાજકોટ

બિડાણ:

- સંદર્ભ દર્શિત પત્ર

નકલ સવિનય રવાના: માન. અધ્યક્ષ સાહેબશ્રી, એફ.આર.સી. ઝોન રાજકોટ

DEOE:\frc\frc -2\deo forwarding.doc

District Education Office

FR·C જાવક નં.૫૦૭ / 2020.

ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
હેમુગઢવી હોલ પાછળ,ટાગોરરોડ,
A.V.P.T.I. પ્રિન્સીપાલ બંગલો,
રાજકોટ–૩૬૦૦૦૧
ફોન.૦૨૮૧– ૨૪૬૧૩૭૭
તા. ૩૦/૦૫/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
રાજકોટ

વિષય :– કોવિડ– ૧૯ ના સંજોગોમાં શાળા પાસેથી વિષેશ સ્પષ્ટતા મેળવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય સબંધે રાજકોટ ઝોનની દરેક સ્વનિર્ભર શાળાઓની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ૨૦૨૦–૨૧ ન વર્ષની એફીડેવીટમાં કોવિડ – ૧૯ ના સંદર્ભમાં સ્પષ્ટતા મેળવવા જણાવાયેલ છે. દરેક સ્વનિર્ભર શાળાઓ જે તે ડી.ઈ.ઓ. કચેરીએ એફીડેવીટ સ્વીકારતા સમયે આ સ્પષ્ટતા મેળવવી લેવાની રહેશે.આ સાથે લખેલ પત્ર સત્વરે જે તે જિલ્લા શિક્ષણાધિકારીને પહોંચતો કરવા વિનંતી.

અધ્યક્ષ
ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
રાજકોટ

બિડણ:– બજવણી અર્થે ,રાજકોટ ઝોનના તમામ જિલ્લાના પત્ર.
તમામ. D.E.O

FRC (3) / E
2/5

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
રાજકોટ
આ. નં. ૯<<3
તા. 2/6/2020

ORY COMMITTEE GOVT. OF GUJARAT सत्यमेव जयते RAJKOT ZONE

FRC જાવક નં. 407/11 2020

ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
હેમુગઢવી હોલ પાછળ,ટાગોરરોડ,
A.V.P.T.I. પ્રિન્સીપાલ બંગલો,
રાજકોટ–૩૬૦૦૦૧
ફોન.૦૨૮૧– ૨૪૬૧૩૭૭
તા. ૩૦/૦૫/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
રાજકોટ, મોરબી,સુરેન્દ્રનગર, અમરેલી
જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દવારકા
જામનગર,ભાવનગર,પોરબંદર

વિષય :– <u>કોવિડ– ૧૯ ના સંજોગોમાં શાળા પાસેથી વિષેશ સ્પષ્ટતા મેળવવા બાબત.</u>

મારફત:– <u>ચિફ કો– ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી– રાજકોટ</u>

**શ્રીમાન,**

અત્રેની કચેરીમાં ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે ચીફ કો– ઓર્ડીનેટરશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – રાજકોટ નાઓ મારફત અત્રેની કચેરીને આપશ્રીના જિલ્લાની એફીડેવીટો પહોંચતી કરાયેલ નથી.,અથવા તો મોટા ભાગની એફીડેવીટો અત્રેની સમિતિને પહોંચતી કરવાની બાકી છે.

પ્રવર્તમાન સંજોગોના સંદર્ભમાં દરેક સ્વનિર્ભર શાળાઓ ૨૦૧૯–૨૦ ના વર્ષની ફી ૨૦૨૦–૨૧ ના વર્ષમાં ચાલુ રાખે તે અપેક્ષિત છે.

કોવિડ – ૧૯ ના સંજોગોમાં આપશ્રીના જિલ્લાની તમામ સ્વનિર્ભર શાળાઓની ૨૦૨૦–૨૧ ના વર્ષની એફીડેવીટો સ્વીકારતા સમયે જે તે શાળા ૨૦૧૯–૨૦ ના વર્ષની ફી કોવિડ–૧૯ ના સંજોગોમાં ૨૦૨૦–૨૧ ના વર્ષમાં ચાલુ રાખવા સંમત છે કે કેમ તે અંગે સ્પષ્ટતા મેળવવી. દરેક શાળા મેનેજમેન્ટ એસોશીએશનની સભ્ય ન હોય આ સ્પષ્ટતા જરૂરી છે. જે શાળાઓ ૨૦૧૯–૨૦ ના વર્ષની ફી ૨૦૨૦–૨૧ ના વર્ષ માટે ચાલુ રાખવા સંમત ન હોય તો તે માટે શાળાએ ચોકકસ કારણો જણાવવા જોઈશે.

જે કોઈ શાળાની એફીડેવીટ આપશ્રીની કચેરીએ રજુ થઈ ગયેલ હોય તે શાળાઓ પાસેથી પણ આ સબંધે સ્પષ્ટતા માંગશો, અને તે સ્પષ્ટતા મેળવી ચીફ કો– ઓર્ડીનેટરશ્રી મારફત અત્રેની સમિતિને પહોંચાડવા યોગ્ય કરશો.

અધ્યક્ષ
ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
રાજકોટ